પૂર્ણિમા પ્રિન્ટીંગ પ્રેસ, સે.૨૨, ગાંધીનગર. ફોન.૨૨૬૪૯. ૩/૨૦૦૦-૩૦૦૦

જુન ૨૦૦૧ ગ્રાન્ટ વિના

અનુ. નં. ૧૦

ક્રમાંક/મશબ/ન.શા./ગ/ટે-૬/૭૭૧૭૨૧
ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર નં. ૧૦-બી, સચિવાલય પાસે,
ગાંધીનગર. તા. ૧૧-૫-૨૦૦૧

પ્રતિ, શ્રીમતી પ્રિતિબહેન ગૌતમભાઈ અદાણી
મેનેજીંગ ટ્રસ્ટી, શ્રી શાંતિલાલ ભુદરમલ અદાણી
ચેરીટેબલ ટ્રસ્ટ, શિખર-૮ મો માળ, અદાણી હાઉસની બાજુમાં
મીઠાખળી-૬ રસ્તા, નવરંગપુરા,
અમદાવાદ-૩૮૦૦૦૯

વિષય : જુન ૨૦૦૧ થી કાયમી ધોરણે ગ્રાન્ટ નહીં લેવાની શરતવાળી નવી માધ્યમિક શાળાની નોંધણી બાબત

શાળાનું નામ :- અદાણી ડી.એ.વી. પબ્લિક સ્કુલ, નાનાકપાયા

ગામ નાનાકપાયા તાલુકો મુંદ્રા જિલ્લો કચ્છ

સંદર્ભ : (૧) બોર્ડની તા. ૨૨/૩/૨૦૦૧ ની કારોબારી સમિતિના ઠરાવ ક્રમાંક ૧૭૭/૨૦૦૧

(૨) શિક્ષણ વિભાગનો તારીખ -- નો પત્ર ક્રમાંક :

(૩) બોર્ડના તા. ૧૯/૪/૨૦૦૧ ના પત્ર ક્રમાંક : મશબ/ગ/ ૩૫૮૮/૯૦

(૪) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ભુજ- કચ્છ ના તારીખ ૧-૫-૨૦૦૧ નો પત્ર ક્રમાંક : ગ.૩/૧૬૬/૨૦૦૧

શ્રીમાન,

જુન ૨૦૦૧ થી નવી શાળાની નોંધણી સંબંધમાં બોર્ડની કારોબારી સમિતિની તારીખ ૨૨/૩/૨૦૦૧ ના રોજ મળેલી બેઠકના નિર્ણય અનુસાર આપને જણાવવાનું કે ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ ૧૯૭૨ (સને ૧૯૭૩નો ગુજરાત અધિનિયમ ક્રમાંક ૧૮) તથા તે અન્વયે ઘડાયેલ માધ્યમિક શિક્ષણ વિનિયમો ૧૯૭૪ તથા તે સંબંધે થયેલ સરકારી ઠરાવો/બોર્ડના પરિપત્રોની જોગવાઈઓ ધારા ધોરણો અનુસાર આપની ઉપર જણાવેલ શાળા અદાણી ડી.એ.વી.પબ્લિક સ્કુલ ને જુન ૨૦૦૧ (ધો.૮,૯) થી કાયમી ધોરણ ગ્રાન્ટ નહી લેવાની શરતવાળી નવી શાળા તરીકે નોંધણી કરવામાં આવે છે અને આપની શાળામાં ધોરણ આઠનો (ધો.૯) એક વર્ગ ખોલવાની પરવાનગી આપવામાં આવે છે અને તેમાં શિક્ષણનું માધ્યમ અંગ્રેજી રહેશે. આપે નીચે મુજબની શરતોનું પાલન કરવાનું રહેશે. જ્યારે કોઈપણ શરત ભંગ થયાનું માલુમ પડશે ત્યારે બોર્ડ તરફથી નિયમાનુસાર કાર્યવાહી કરી આપની શાળાની નોંધણી રદ કરવામાં આવશે.

નોંધણી અંગેની શરતો :-

(૧) શાળાનું સંચાલક મંડળ સક્ષમ અને વિશ્વસનીય છે તથા તેનો વહીવટ યોગ્ય પદ્ધતિથી રચાયેલ વ્યવસ્થાપક મંડળ સંભાળે છે તથા તે આર્થિક રીતે સદ્ધર છે તેવી બોર્ડને ખાતરી થવી જોઈએ.

(૨) બોર્ડના અધિકારીઓ કે બોર્ડ અધિકૃત કરેલ વ્યક્તિ તથા ખાતાના નિરીક્ષણ અધિકારીઓને શાળાનું નિરીક્ષણ કરવાની છૂટ રહેશે.

(૩) શાળા પાસે વિનિયમો તથા બોર્ડ આ અંગે કરેલા પરિપત્રોમાં નિર્દિષ્ટ કરેલાં ધોરણો મુજબ જરૂરી સુવિધાવાળા મકાન, ફર્નિચર, લેબોરેટરી, સાધનો, સ્ટેશનરી, અને અન્ય સામગ્રી વસાવેલાં હોવા જોઈશે તથા વિનિયમોમાં નિર્દિષ્ટ કરેલી લાયકાતો મુજબના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફની નિમણૂંક કરેલી હોવી જોઈએ. વધુમાં વિદ્યાર્થીઓ માટે પુરતી અયોગ્ય વિષયક સગવડો શાળાઓ ઉભી કરવી જોઈશે.

(૩-અ) જો ઉત્તર બુનિયાદી હોય તો માળખામાં સૂચવેલ ઉદ્યોગનું શિક્ષણ આપવાનું રહેશે. તેમજ ઉદ્યોગને અનુરૂપ જમીન, પાણી, વર્કશોપ ઉદ્યોગખંડની વિભાગ નિયમ પ્રમાણે જોગવાઈ કરવાની રહેશે.

(૩-બ) ઉત્તર બુનિયાદી શાળાએ છાત્રાલયની વ્યવસ્થા કરવાની રહેશે.

(૪) શાળામાં અપાતું શિક્ષણ બધી રીતે સંતોષકારક છે. એવી બોર્ડને ખાતરી થવી જોઈશે.

(૫) શાળાએ સરકાર માન્ય કરેલ અભ્યાસક્રમ તથા વખતોવખત મંજુર કરેલ પાઠ્યપુસ્તકનો જ ઉપયોગ કરવાનો રહેશે.

(૬) બોર્ડ નિયત કરેલી શરતો મુજબ જ જુદાં જુદાં ધોરણોમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાશે.

(૭) ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓને બોર્ડ આ અંગે કરેલા પરિપત્રોમાં નિર્દિષ્ટ કરેલાં ધોરણો મુજબ જ પ્રમાણપત્રો આપવાં.